# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

### આકાશવાણી સમાચાર અંકિત પ્રજાપતિ વાંચે છે.

****************************************************

- ✓ મુંબઇમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દોહરાવ્યું કે, ત્રીજી ટર્મમાં એનડીએ સરકાર ત્રણ ગણી ગતિથી કામ કરશે...
- ✓ સાત રાજ્યોની 13 વિધાનસભાની પેટાચૂંટણીના પરિણામ જાહેર થયા,,, ટીએમસી અને કોંગ્રેસના ફાળે ચાર-ચાર બેઠકો તો ભાજપને મળી બે બેઠકો..
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં એક ઉચ્ચ-સ્તરીય બેઠકમાં 'વાઇબ્રન્ટ વિલેજ્સ પ્રોગ્રામ'ના અમલીકરણની સમીક્ષા કરી..
- ✓ ચાંદીપુરમ વાઇરસના શંકાસ્પદ સંક્રમણના કારણે ગુજરાતમાં ચાર બાળકોના મોત થયા હોવાના અહેવાલ..
- ✓ ગાઝાના ખાન યુનુસમાં ઇઝરાયેલના હુમલામાં પેલેસ્ટાઇનના 71 લોકોના મોત જ્યારે 289 ઇજાગ્રસ્ત..
- ✓ ભારત- ઝિમ્બાબ્વે વચ્ચેની ચોથી T20 મેચમાં ભારતનો દસ વિકેટે વિજય..

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MUMBAI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં 29 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે આ પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે NDA સરકારનું મોડલ સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને વંચિત વર્ગના સશક્તિકરણને પ્રાથમિકતા આપે છે. તેમણે થાણે બોરીવલી ટનલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો, જે થાણે અને બોરીવલી વચ્ચેના પ્રવાસનું અંતર 12 કિલોમીટર ઘટાડશે અને લગભગ એક કલાકનો મુસાફરીનો સમય બચાવશે.

શ્રી મોદીએ ગોરેગાંવ મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું, જે ગોરેગાંવ ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને મુંબઈમાં મુલુંડ ખાતે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે વધારાનો કનેક્ટિવિટીનો વિકલ્પ પ્રદાન કરશે. આ લિંક રોડ પશ્ચિમી ઉપનગરો માટે નિર્માણાધીન નવી મુંબઈ અને પુણે મુંબઈ એક્સપ્રેસવેને સીધો જોડશે.

વધુમાં, શ્રી મોદીએ રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી યુવા કાર્ય શિક્ષણ યોજના' શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય દર વર્ષે 10 લાખ યુવાનો માટે પેઇડ ઇન્ટર્નશિપની તકો ઊભી કરવાનો છે.

તેમણે નવી મુંબઈમાં તુર્ભે ખાતે કલ્યાણ રેલ્વે યાર્ડ રિમોડેલિંગ અને ગતિ શક્તિ મલ્ટી મોડલ કાર્ગો ટર્મિનલનો પણ શિલાન્યાસ કર્યો હતો. કલ્યાણ યાર્ડનું રિમોડેલિંગ લાંબા-અંતર અને ઉપનગરીય ટ્રાફિકને અલગ કરવામાં મદદ કરશે, જ્યારે ગતિ શક્તિ મલ્ટીમોડલ કાર્ગો ટર્મિનલ સ્થાનિક રહેવાસીઓને રોજગારીની વધારાની તકો પૂરી પાડશે અને સિમેન્ટ અને અન્ય ચીજવસ્તુઓના સંચાલન માટે વધારાના ટર્મિનલ તરીકે સેવા આપશે. એનડીએ

સરકાર તેની ત્રીજી ટર્મમાં ત્રણ ગણી ગતિથી કામ કરશે એ વાતને પણ તેમણે અહીં દોહરાવી હતી.

**(બાઇટ- પ્રધાનમંત્રી)**

# NEW-BY-POLLS-RESULTS

7 રાજ્યોની 13 વિધાનસભા બેઠકો પર બુધવારે યોજાયેલી પેટાચૂંટણીમાં તમામ પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે ચાર-ચાર બેઠકો જીતી છે, ભાજપને બે અને આમ આદમી પાર્ટી અને ડીએમકેને એક-એક બેઠક મળી છે. બિહારમાં એક સીટ અપક્ષ ઉમેદવાર શંકરસિંહના ફાળે ગઈ છે. તેમણે JD(U)ના ઉમેદવાર કલાધર પ્રસાદ મંડલને હરાવીને રૂપૌલી વિધાનસભા બેઠક જીતી છે.

હિમાચલ પ્રદેશમાં, શાસક કોંગ્રેસે દેહરા અને નાલાગઢ વિધાનસભા બેઠકો જીતી છે, જ્યારે ભાજપે હમીરપુર વિધાનસભા બેઠક જીતી છે. પશ્ચિમ બંગાળમાં, સત્તાધારી ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસે તમામ ચાર બેઠકો, રાયગંજ, રાણાઘાટ દક્ષિણ, માણિકતલા અને બગડા પર જીત મેળવી હતી. ઉત્તરાખંડમાં બદ્રીનાથ અને મંગલૌર વિધાનસભા બેઠકો કોંગ્રેસના ઉમેદવારો પાસે ગઈ છે. મધ્યપ્રદેશમાં અમરવારા બેઠક પર ભાજપના ઉમેદવાર કમલેશ પ્રતાપ શાહે જીત મેળવી છે. પંજાબમાં સત્તારૂઢ આમ આદમી પાર્ટીએ જલંધર પશ્ચિમ અનામત વિધાનસભા બેઠક પર જીત મેળવી છે. તમિલનાડુમાં, ડીએમકેના ઉમેદવાર વિકરાવંડી વિધાનસભા બેઠક જીતી ગયા છે.

# AMIT SHAH VIBRANT VILLAGE

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય બેઠકમાં "વાઇબ્રન્ટ વિલેજ્સ પ્રોગ્રામ"ના અમલીકરણની સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સરહદી ગામોના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. શ્રી શાહે આ સરહદી ગામોમાંથી સ્થળાંતર થતું અટકાવવા માટે સ્થાનિક રહેવાસીઓને રોજગારીની તકો પૂરી પાડવાની અને ગામડાઓ સાથે જોડાણ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શ્રી શાહે જણાવ્યું હતું કે, સરહદી ગામોની આસપાસ ફરજ બજાવતા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ  અને સેનાએ સહકારી મંડળીઓ મારફતે સ્થાનિક કૃષિ અને હસ્તકળાનાં ઉત્પાદનોની ખરીદીને પ્રોત્સાહન આપવું જોઈએ. તેમણે કહ્યું કે, નજીકના ગામોના રહેવાસીઓને લાભ આપવા માટે આર્મી અને સીએપીએફની આરોગ્ય સંભાળ સુવિધાઓ નિયમિતપણે ઉપલબ્ધ કરાવવી જોઈએ. કેન્દ્રીય ગૃહમંત્રીએ સૌર ઊર્જા અને પવનચક્કી વગેરે જેવા ઊર્જાના અન્ય પુનઃપ્રાપ્ય સ્ત્રોતોના મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો હતો.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર

પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## UP-CJI

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું કે, જો કાયદાના સિદ્ધાંતો સામાન્ય લોકોને સરળ શબ્દોમાં સમજાવી ન શકાય, તો કાનૂની વ્યવસાય અને કાયદાકીય શિક્ષણમાં ખામી છે. લખનૌમાં ડો. રામ મનોહર લોહિયા નેશનલ લો યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં તેમના સંબોધન દરમિયાન સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશે પ્રાદેશિક ભાષાઓમાં કાયદા શીખવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

CJI ચંદ્રચુડ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિદ્યાર્થીઓને પદવીઓનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, ભારત હવે કાયદાના શાસન માટે વિશ્વમાં ઓળખાય છે.

## GUJARAT-CHANDIPURA-VIRUS

ચાંદીપુરમ વાઇરસના શંકાસ્પદ સંક્રમણના કારણે ગુજરાતના સાબરકાંઠાના હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાર બાળકોના મોત થયા હોવાના અહેવાલ છે. જ્યારે બે બાળકો સારવાર હેઠળ છે. તમામ શંકાસ્પદ છ કેસોના નમૂના તપાસ માટે પૂણેની એનઆઈવી લેબમાં મોકલાયા છે.

દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા અને મહિસાગર જિલ્લામાંથી પણ ચાંદીપુરમના શંકાસ્પદ કેસ મળી આવતા આ વાયરસના

નિયંત્રણ માટે ગાંધીનગરમાં આજે આરોગ્ય વિભાગે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં સંબંધિત જિલ્લાઓમાં સર્વેલન્સ હાથ ધરવા આદેશ અપાયો છે.

આ ઉપરાંત જે બાળકો શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસના દર્દીઓ છે તેની યોગ્ય સારવાર આપવાની પણ સૂચના આરોગ્ય વિભાગે સંબધિત જીલ્લાઓને આપી છે.

# PALESTINE-STRIKE

પેલેસ્ટાઇનમાં, ગાઝામાં ખાન યુનિસના અલ-મવાસી વિસ્તારમાં વિસ્થાપિતોના આશ્રય સ્થાન નજીક ઇઝરાયેલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 71 લોકો માર્યા ગયા હતા.

હમાસના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલામાં 289થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. બીજી તરફ, ઇઝરાયેલી સેનાએ કહ્યું કે, તે આ ઘટનાની તપાસ કરી રહી છે. દરમિયાન, ઇઝરાયલી આર્મી રેડિયોએ જણાવ્યું હતું કે, તેની સેનાએ ખાન યુનિસ પર હુમલામાં હમાસના લશ્કરી વડા મોહમ્મદ ડેફને નિશાન બનાવ્યો હતો. જો કે, હમાસના લશ્કરી વડાનું મોત થયું હતું કે નહીં તેની કોઇ જાણકારી મળી નથી..

# CRICKET- INDIA- ZIMBABWE

પુરૂષોની ક્રિકેટમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે પાંચ મેચોની શ્રેણીની ચોથી T20 મેચમાં ભારતે વિના વિકેટે જીત મેળવી છે. પ્રથમ બેટિંગ કરતાં ઝિમ્બાબ્વેએ રઝાના 46 રનની મદદથી નિર્ધારિત 20

ઓવરમાં સાત વિકેટે 152 રન બનાવ્યા હતા, જ્યારે ભારત તરફથી ખલીલ અહેમદે 2 વિકેટ લીધી હતી.

બીજી બેટિંગ કરતાં ભારતે 153 રનનું લક્ષ્ય વિના વિકેટે માત્ર 15.2 ઓવરમાં પ્રાપ્ત કરી લીધું હતું. જેમાં યશસ્વી જયસ્વાલે અણનમ રહી માત્ર 53 બોલમાં 93 રન, જ્યારે શુભમન ગિલે 58 રન કર્યા હતા. મેચના અંતે યશસ્વી જયસ્વાલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે, શ્રેણીમાં ભારત શુભમન ગીલની કપ્તાની હેઠળ હાલમાં 3-1 થી આગળ છે.

## IMD - FORECAST

ભારતીય હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, કેરળ અને દક્ષિણ કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર દિવસ દરમિયાન તેલંગાણા, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આંધ્રપ્રદેશ અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

## WAVES-SUMMIT

ભારત આ વર્ષે 20મીથી 24મી નવેમ્બર દરમિયાન ગોવામાં પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ, WAVESની યજમાની કરશે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે આજે દિલ્હીમાં કર્ટેઇન રેઈઝર ઈવેન્ટને સંબોધતા કહ્યું કે ભારત વિશ્વના સૌથી મોટા ફિલ્મ

નિર્માણ કરતાં  દેશોમાંનો એક દેશ છે. તેમણે કહ્યું કે WAVES એ ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગના ભાવિને ઘડનારી ઘટના હશે.

સભાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, WAVES ભારતના મનોરંજન ઉદ્યોગના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે કહ્યું હતું કે, મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં વધુ નોકરીઓનું સર્જન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. મીડિયા સેક્ટરમાં IP અધિકારોનું ઘણું મૂલ્ય છે અને સરકાર IP અધિકારોના રક્ષણ માટે ઇકોસિસ્ટમને મજબૂત બનાવશે તેવી પણ તેમણે આશા વ્યક્ત કરી હતી.